**કામિની દોષી**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**ડુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૬૪૩
તારીખ : ૦૫ /૦૫/૨૦૨૬

**<u>–:સંમતિ પત્રકઃ–</u>**

**પ્રતિ,**

**વિષયઃ–** સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી.સ્કીમ નં.૬૨ (ડિંડોલી–ભેદવાડ–ભેસ્તાન) અને ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડિંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતોમાં આવેલ અન્ડરગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીઓને સમયાંતરે વાર્ષિક ધોરણે સાફ–સફાઈ કરવાનું કામ.

**સંદર્ભઃ–** (૧) સાઉથ ઝોન–એ(ઉધના) માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીંગોમાં આવેલ અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીઓની સફાઈ કરવાના કામે મે. કમિશ્નરશ્રી ની તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મંજુર થયેલ ભાવે અને શરતોને આધિન.

(૨) મા.ડે. કમિશ્નરશ્રીની તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજની મંજુરી.

**મહાશય,**

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં ટી.પી.સ્કીમ નં.૬૨ (ડિંડોલી–ભેદવાડ–ભેસ્તાન) અને ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડિંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો જેવી કે વોર્ડ ઓફીસ, હેલ્થ સેન્ટર, કોમ્યુનિટી હોલ, વાંચનાલય, નાગરીક સુવિધા કેન્દ્ર, આંગણવાડી, સુમન હાઈસ્કુલ તથા ન.પ્રા.સ. શાળાઓ વગેરેની અન્ડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હેડ પાણીની ટાંકીઓને સમયાંતરે સાફ–સફાઈ કરવાના કામે ઉકત સંદર્ભ (૧) હેઠળ મંજુર થયેલ ભાવે અને શરતોને આધિન મા.ડે.કમિશ્નરશ્રીની તા.૦૪/૦૫/૨૦૨૬ ની મંજુરી અન્વયે ટેન્ડર રકમ રૂા.૨,૦૦,૦૦૦.૦૦પૈ. (GST સિવાય) ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનું ઈ.એમ.ડી રૂા.૨,૦૦૦.૦૦પૈ. સહિતનું સંમતિપત્રક **તા.૧૫/૦૫/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૨,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો અનુભવનાં સર્ટીફીકેટ(ફોર્મ –૩(A)) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. મે. કમિશ્નરશ્રીની તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઇઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩.આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) પુરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

૧૪. વાર્ષિક દર ચાર માસે સમયાંતરે ટાંકી સફાઈ કરવાની રહેશે.

**Sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

# SURAT MUNICIPAL CORPORATION

## SOUTH EAST ZONE (LIMBAYAT)

### SCHEDULE-B

**Name of Work :- Annual rate Contract For Cleaning Under Ground and Overhead Water tank Of Various Municipal Building in T.P.- 62 (Dindoli, Bhestan, Bhedwad) and 69 (Godadara-Dindoli) in South East (Limbayat) Zone, Surat**

| Sr. No | Description | Qty | Rate | Unit | AMOUNT |
|---|---|---|---|---|---|
| 1 | Cleaning of under ground and overhead water tank,wall, top and bottom including disposal of silted waste and clorination as directed Engineer-in-charge. | 1666500.00 | **0.12** | **Ltr** | **199980.00** |
| | **TOTAL RUPEES** | | | | **199980.00** |

**sd/-**
**Executive Engineer,**
**South East Zone (Limbayat),**
**Surat Municipal Corporation.**

કાર્યપાલક ઈજનેર

FIT INDIA
સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન-એ (ઉધના),
FAX: [illegible]
PHONE: [illegible]

નં. સા.ઝોન/ડિ/[illegible]
તા.13/3/2026

**: વર્ક ઓર્ડર :**

પ્રતિ,
આર.એસ.એન્ટરપ્રાઈઝ
બી-૮૦૪,યોગી કમ્પલેક્ષ,
નવો રાંદેર રોડ,
સુરત. ૩૯૫૦૦૯

**વિષય:-** સાઉથ ઝોન-એ (ઉધના)માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીગોમાં આવેલ અંદર ગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીઓની સફાઈ કરવાનું કામ.

**સંદર્ભ:-** (૧) ટેન્ડર નોટીસ નં.ડે. મ્યુ.કમિશ્નર/એસ.ઝેડ.-એ/૧૫/ ૨૦૨૫-૨૬, કામ નં. ૧૨
(૨) મે.કમિશ્નરશ્રીની તા.૦૬/૦૩/૨૦૨૬ ની મંજુરી

મહાશય,

ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે, સાઉથ ઝોન-એ (ઉધના)માં આવેલ વિવિધ મ્યુ.બિલ્ડીગોમાં આવેલ અંદર ગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીઓની સફાઈ કરવાના કામે મે.કમિશ્નરશ્રીની તા.૦૬/૦૩/૨૦૨૬ની મંજુરીથી રૂ.૬,૦૦,૦૦૦.૦૦ પૈ.(GST સિવાય) તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી નું ચુકવણું અલગથી કરવાના ખર્ચનું આપનું બિનશરતી ટેન્ડર સ્વીકારવામાં આવ્યુ છે. તો આ પત્ર મળેથી તાકીદી પ્રાથમિક તૈયારીઓ કરી સદર કામ ચાલુ કરવા આથી તમોને હુકમ આપવામાં આવે છે.

વધુમાં આ પત્ર મળ્યેથી દિન-૧૦(દશ) માં નીચે મુજબની પૂર્તતા કરવા તાકિદ કરવામાં આવે છે.

(અ) <u>એગ્રીમેન્ટ</u> :-

(૧) મંજૂર ટેન્ડરની રકમના ૨.૦% પ્રમાણેની સીક્યોરીટી ડિપોઝીટ રૂ.૧૨,૦૦૦/- (અંકે રૂ. બાર હજાર પુરા) વર્કઓર્ડરની તારીખથી દિન-૧૦ માં રોકડા/ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવવા પ્રબંધ કરશો. જો તેમ કરવામાં કસુર કરશો તો સિકયુરીટી ડીપોઝીટની રકમના ૦.૦૬૫% પ્રતિદિન મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

(૨) કરારનામા માટે રૂ.૩૦૦/- + ૩૦૦/- ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી કરારનામા કરી જવા પ્રબંધ કરશો.

(૩) ટેન્ડર રકમના ૧૦% પ્રમાણે જામીનગીરી આપવા માટે રૂ.૩૦૦/- ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજૂ કરી જામીનગીરી આપી જવા પ્રબંધ કરશો.

(૪) ટેન્ડર સાથે સોલવન્સી સર્ટીફીકેટ તથા કરેલા કામોના અનુભવની વિગતો રજુ કરવામાં કસુર કરી હોય તો તે સુધારી માહીતી વિગતવાર તેના પુરાવા સહિત કરારનામા / જામીનગીરી સાથે રજૂ કરવા અચુક પ્રબંધ કરશો.

(૫) જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજૂ કરી સાથે થયેલ કરાર બતાવી જવા તજવીજ કરશો.

(૬) આ પત્ર મળ્યે થી આ કામ શરૂ કરવા માટે કામ ની લાઈન, માર્ગદર્શન, સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેરશ્રી / જુની. ઈજનેરશ્રી નો સંપર્ક સાધવા નોંધ લેવી.

(૭) આ કામ પુરૂ કરવાની સમયમર્યાદા સદર વર્કઓર્ડર આપ્યાની તારીખથી દિન-૧૦ (દસ) પુરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

(૮) એમ્પ્લોઈ પ્રો.ફંડ નંબર રજૂ કરવાનું રહેશે તેમજ કામદારોની યાદી રજૂ કરવાની રહેશે. કામ્પલસરી કામદારોનાં પી.એફ. નાં નાણાં ઈ.પી.એફ.માં જમા કરવાનાં રહેશે. જેની નોંધ લેવી.

(૯) ઉપરોક્ત જણાવેલ કામ સેફટીના સાધનો સિવાય ચાલુ કરવા દેવામાં આવશે નહી અને જો તેમ કરવામાં ચુકશો તો સ્થળ પર કોઈ પણ પ્રકારે અકસ્માત થશે તો તેની સઘળી જવાબદારી તમારી રહેશે. જેની ગંભીરતાપૂર્વક નોંધ લેશો.

(બ) <u>કોન્ટ્રાકટ મજૂર (નિયમ અને નાબુદી) અધિનિયમ ૧૯૭૦</u> :-
પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવુ જરૂરી હોય તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફિસરશ્રીને રૂબરૂ મળી લાયસન્સ મેળવી લેવા માર્ગદર્શન મેળવી અને તે અંગે જરૂરી લાયસન્સ મેળવી તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી, તેમ છતા તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે તો તેની સામે ઉભી થનાર સંબંધિત સર્વાંગી જવાબદારી તમારા શિરે રહેશે. તેની પણ સ્પષ્ટ નોંધ લેશો.
બાળ કામદારો રોકી શકાશે નહી. તેમ છતાં જો રોકવામાં આવશે તો રૂા.૨૦,૦૦૦/- વસુલ લઈ ચાઈલ્ડ લેબર રીહેબીલીટેશન કમ વેલ્ફેર ફંડ ખાતે કલેકટરશ્રી ને જમા કરાવવામાં આવશે. તથા બીજી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.
**" મકાન અને અન્ય બાંધકામ કામદારો (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) ધારો-૧૯૯૬"** હેઠળ સંયુકત નિયામકશ્રી ઓ. સલામતી અને સ્વાસ્થ્યની કચેરી સી-બ્લોક પાંચમાં માળ અને સાતમો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત ને બાંધકામ શરૂ કરવાના ૩૦ દિવસ પહેલા કામ શરૂ કરવા અંગેની નોટિસ મોકલવી. અને બાંધકામ શરૂ કર્યા બાદ ૬૦ દિવસમાં જરૂરી નોંધણી અંગેનું પ્રમાણપત્ર મેળવી તેની નકલ અત્રેની કચેરીએ રજુ કરવાની રહેશે.

આ વર્ક ઓર્ડરની તારીખથી દિન-૧૦ (દસ) માં આપના તરફે પ્રાથમિક તૈયારીઓની પૂર્ણતા તારીખથી સદર કામગીરી શરૂ કરવાનો સમય આપવામાં આવશે. તમોને સોંપવામાં આવેલ કામગીરી પૂરી કરવાની સમય મર્યાદા દરમ્યાન ટેન્ડરના મેમોરેન્ડમમાં નિયત શીડયુલ પ્રમાણે પ્રોગ્રેસ જાળવવા ખાસ તકેદારી રાખવાની રહેશે. અને જો તેમાં કસુર / ચુક થશે તો ટેન્ડર કલોઝ નં.GC-20A પ્રમાણે સમય મર્યાદા પુરી થયા બાદ શિક્ષાત્મક પગલા (જેમાં દંડકીય વસુલાત વિગેરેનો સમાવેશ થાય છે) કરવામાં આવશે તેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન -એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા

નકલ રવાનાઃ- ડે. એકાઉન્ટન્ટ પ્રતિશ્રી... જાણ માટે.
નકલ રવાનાઃ- ટેન્ડર કલાર્કશ્રી પ્રતિ... જાણ માટે.

O/c

Received